ગાંધીનગર સમાચાર
તા. ૫-૭-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

હેમામાલિનીનો કદરૂપો ચહેરો

ક્યારેક બોલીવુડની ‘ડ્રીમ ગર્લ’ તરીકે ઓળખાતી દક્ષિણની અભિનેત્રી કાળાન્તરે બે દીકરાઓના બાપ અને સિનેજગતના ‘હી-મેન’ ધર્મેન્દ્રની બીજી પત્ની બની ગઇ હતી; એ પછી અનેક ફિલ્મોમાં અભિનયનાં અજવાળાં પાથરવા ઉપરાંત ક્લાસિકલ નૃત્યનાટિકાઓ રજૂ કરીને આ કલાસામ્રાજ્ઞીએ મોટી નામના મેળવી હતી. ધર્મેન્દ્ર સાથે એ પણ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ હતી. પહેલાં રાજ્યસભામાં તથા પછી ગઇ લોકસભાની ચૂંટણીમાં મથુરાની પ્રતિષ્ઠાવાળી બેઠક પર વિજય મેળવી લોકસભામાં પ્રવેશી હતી. હેમામાલિનીએ ભાજપની પહેલી હરોળનાં મહિલા અગ્રણીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું હોવા છતાં એમને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન નહીં મળતાં એ થોડાં નારાજ પણ થયાં જ હોય. એમના મત વિસ્તારમાં વડાપ્રધાને પ્રથમ વર્ષની સિદ્ધિઓની ઉજવણી કરીને આ નારાજગી પણ દૂર કરી હતી. આવી પ્રતિષ્ઠિત મહિલા ટીવી પર જાહેરખબરોમાં ચમકવાનો મોહ નથી છોડી શકી તે પણ સર્વવિદિત છે. પરંતુ એમનો ઉંમર સાથે ઝંખવાતો જતો ચહેરો દૌસા નજીક થયેલ અકસ્માતમાં લોહીલુહાણ જ નહીં, જરા જુદા અર્થમાં કદરુપો થઇ જવા પામ્યો છે. અકસ્માત એમની મોંઘામૂલની દોઢસો કિ.મી.ની ઝડપે દોડતી કારના ડ્રાઇવરની ભૂલને કારણે થયો હતો. એમની ગાડીએ નાનકડી ઓલ્ટો કારને હડફેટે લીધી અને એમાં મુસાફરી કરી રહેલ મધ્યમવર્ગી પરિવારના માથે આફત પુરવાર થઇ. એ ગરીબડી ગાડીના ડૂચા નીકળી ગયા. હેમામાલિનીનો બહુ જતનપૂર્વક જાળવી રાખેલો ફુલગુલાબી ચહેરો લોહી લોહી થઇ ગયો, ભ્રમર પર, કપાળમાં ચીરા પડી ગયા અને ધક્કો લાગવાથી ‘એલ-૫’ તરીકે ઓળખાતો કમ્મરનો મણકો પણ તૂટી ગયો. સ્વાભાવિક છે કે આવી હાલતમાં એ લિસ્સા ગાલવાળી સિનેનટી-કમ-સાંસદ મહિલાને પેલાં દુખિયારાં લોકોની ચીસો ન સંભળાઇ હોય. તાબડતોબ હેમાને તો પોલીસે જયપુરની ‘ફોર્ટિસ’ જેવી પંચતારક હોસ્પિટલમાં ખસેડ્યાં, પરંતુ પેલી નાની કારનાં ઘાયલો પ્રત્યે નરી બેદરકારી જ દાખવી. એમાં માતાની ગોદમાં ઊંઘી ગયેલી બે વર્ષની ચિન્ની હંમેશને માટે ચિરનિંદ્રામાં પોઢી ગઇ. સાથેના મુસાફરોને પણ ગંભીર ઇજાઓ થઇ હતી. હેમામાલિનીએ પોતાની સાથે જ એ લોકોને પણ જયપુરની શ્રેષ્ઠ હોસ્પિટલની સારવાર અપાવવાનો આગ્રહ રાખવો જોઇતો હતો. કમનસીબે એમણે એવું વલણ નથી અપનાવ્યું. ડોકટરો અને પોલીસને મન હેમામાલિનીની જિંદગી વધુ મહત્ત્વની હતી. પેલી બે વર્ષની ચિન્ની મરે કે જીવે એની આ અભિનેત્રી સાંસદને ચિંતા નહોતી. ડોકટરો પણ આ સેલિબ્રિટીનો સુંવાળો ચહેરો વહેલી તકે પૂર્વવત્ બની જાય એની ચિંતામાં હતા. ભારત જેવા વિકાસશીલ દેશમાં જનસાધારણ અને વીઆઇપી વચ્ચે બહુ મોટી ખાઇ છે, એ જાણીતી બાબત છે. આમ જનતા પ્રત્યે દુર્લક્ષ સેવવાની આ ઘટના આપણા દેશ માટે કોઇ નવી ઘટના નથી. પરંતુ બ્યુરોક્રસીને બાજુએ મૂકીને હેમામાલિનીએ જાતે જ પોતાના ડ્રાઇવરની ભૂલનો ભોગ બનેલા પરિવારની યોગ્ય સારવારની જવાબદારી સ્વીકારી હોતો તો પ્રજાને એમનામાં દુર્ગાનાં દર્શન થયાં હોત. દુર્ગાનું પાત્ર રંગમંચ પર ભજવવું અને એને આત્મસાત્ કરી આચરણમાં ઉતારવું એ બે જુદી બાબતો છે. હેમામાલિનીનું નઠોર અને કઠોર આચરણ એમના ક્યારેક બહુ રૂપાળા ગણાતા ચહેરાને બહુ જ કદરુપો બનાવી મૂકે છે. કહેવાતાં મોટા માણસો આવો અ-માનવીય વ્યવહાર કરે ત્યારે વિષાદ પણ જાગે એ સૂગ પણ.

વાવો જૂઠ અને ચકચાર ઉગી નીકળે, ને પછી આખીયે વાત અફવા નીકળે...!!!

સાલ ૨૦૦૧ની વાત છે જયારે ભયાનક ધરતીકંપે ગુજરાતને ધમરોળી નાખેલું, ભૂકંપના આંચકાઓ ઉપરાઉપરી આવ્યે જતા હતા ને લોકો ભયભીત હતા, એવા સમયે જો રાજકોટમાં ભૂકંપનો આચકો આવે તો વાયુવેગે સંદેશાઓ છૂટી પડતા કે હવે ચોક્કસ આટલા સમય પછી ગોંડલ કે જુનાગઢ કે ફલાણી જગ્યાએ આચકો આવશે જ આવશે જ. આવા ગપગોળાના સાક્ષી રહેલા આ લખનારે અનુભવેલું કે હરામ જો આવા ઉડતા સમાચારો મુજબ ક્યારેય આચકો આવ્યો હોય તો...પણ એનાથી વિપરીત આવા સમાચારોના પ્રતાપે લાખોની સંખ્યામાં નાગરીકો ઉચક જીવે ‘હમણા આવશે...હમણા આવશે ‘કરતા આચકાની રાહમાં બીકના માર્યા થરથરતા...અને આ બીક સાચા આંચકા કરતા પણ વધુ ખતરનાક રહેતી... અંતે થતું એવું કે આ પક્કાપાયે સમાચારનું સમાપન ‘ એ તો અફવા હતી ‘એવા નામે થઈ જતું...!!!!

છાપા, મેગેઝીનો, ટીવી, રેડિયો કે પછી પોલીસ/સરકાર ગમે એટલી બુમો પાડે કે ‘ અફવાઓ પર ધ્યાન નાં આપશો...કે અફવાથી દોરવાશો નહિ ‘ પણ આ અફવા નામે વાયુવેગે અને વગર તારે ફરતો એક એવો કરંટ છે કે મોટાભાગની પ્રજાને ઝાટકો આપે, આપે ને આપે જ. ઉપર વર્ણવી એ હકીકત વખતે તો સોશિયલ મીડિયાનો કદાચ જન્મ પણ નહોતો થયો, વોટ્સઅપ કે બીજી ક્વિક મેસેજિંગ સાઈટ્સ ઉપલબ્ધ નહોતી છતાં પણ લાકડિયા તારની જેમ એક ગામથી બીજે ગામ ને એક શહેરથી બીજા શહેર સુધી ઘડીના છઠ્ઠા ભાગમાં પ્રસરી જતી આવી અફવાઓ સગી આંખે અને કાને સાંભળી અને નિહાળી છે. જયારે અત્યારે તો ટેકનોલોજીના સુવર્ણયુગમાં આવી અફવાઓનો પ્રચાર અને પ્રસાર પ્રકાશ કરતા પણ વધુ ઝડપથી થઈ શકે છે થઈ રહ્યો છે. એવું તે શું છે આ અફવાઓનું ગણિત, કે અભણ તો ઠીક પણ બુદ્ધિમાન અને ભણેલા ગણેલા લોકો પણ આની માયાજાળમાં આવી જાય છે...???

આ અફવાઓનું બજાર હમેશા ગરમ જ રહે એમાં વાંક ટીખળીઓની હરકતો કરતા પણ માનવ શરીરનો વધુ છે. અસલમાં આપણું દિમાગ નેગેટીવ વાતોને વધુ ઝડપથી કેચ કરે છે. છાપાના એક પાનાં પર જો એક બાજુ નવીનક્કોર ગાડીનો ફોટો હોય અને એક બાજુ ભયાનક અકસ્માતમાં ચુરા થઈ ગયેલી ગાડીઓનો ફોટો હોય તો આપણી આંખ એ ગમખ્વાર અકસ્માતનો ફોટો જોવા વધુ ખેંચાઈ છે. કશુક ખરાબ થયું છે અથવા થવાનું છે એવું જાણવા કે જોવાની તસ્દી આપણું મગજ પહેલા લે છે પરિણામે ગાંધીનગર-અમદાવાદ બાજુ ચડી બનિયાનધારી ૨૦૦ જણા નીકળી પડ્યા છે એવા સમાચારો કોઈ જ પ્રકારની બુદ્ધિ દોડાવ્યા વગર આપણું દિમાગ એક ધડાકે માની જ લે છે, હા ભલે પછી એ અફવાની પ્રારંભિક અસરો ઓછી થાય ને બુદ્ધિ તર્ક આપે પછી કદાચ એવું નાં હોય એમ વિચારે પણ શરૂઆતી તબક્કામાં તો એ અફવાઓને સત્ય માને જ..!!!

ભગવદ ગોમંડળમાં અફવા નો અર્થ આપ્યો છે ગપ; ઉડતી ખબર; ગામગપાટો કે લોકવાયકા. બસ આ ચાર શબ્દોમાં અફવાનો અર્થ આવી ગયો. મશહુર નોવેલીસ્ટ નોર્મન મિલરે આના માટે એક સરસ શબ્દ વહેતો મુક્યો છે ‘ ફેકટોઈડ’ મતલબ કે એક એવું સત્ય કે જે હકીકતમાં છે જ નહી. અફવાઓનું પણ એવું જ છે, પહેલી, બીજી કે ત્રીજી નજરે એ સાવ સાચેસાચી જ લાગશે પણ અંતે એવું કશું હોય જ નહી એનું નામ જ અફવા. મોટાભાગે તો અફવા એટલે એક ગપગોળો જ. પણ આપણે એવી તળિયાઝાટક તપાસ કરીએ એ પહેલા તો આ અફવા નામે ઝૂઠ ક્યાય આગળ નીકળી ગયું હોય છે. અસલમાં આપણે જે સમાચાર સાથે સીધી રીતે કનેક્ટ ના હોઈએ અથવા આપણને ખરેખર એ છે કે નહિ એવો ખ્યાલ જ નાં હોય એવા સમાચારોને સડસડાટ પ્રસારવામાં વધુ રસ હોય છે. વારેવારે અને લગભગ દર વર્ષે ઉડતી પૃથ્વીના વિનાશવાળી અફવા યાદ છે ને? ગણેશજીના દૂધ પીવા લાગ્યા પછી તો આવી કૈક કંકુપગલાંથી લઈને ચર્ચની મૂર્તિમાં આંસુ નીકળ્યા જેવા સદંતર ખોટા અનેક સમાચારોને પણ આપણે અફવા સાબિત થાય એ પહેલા ખોબેને ધોબે વધાવ્યા જ છે ને? દિલ્હીમાં મંકીમેનના નામે કોણ જાણે કેટલાયે નિર્દોષ પીટાઈ ગયા, આખું દિલ્હી લાઠીઓ લઈને નીકળી પડેલું, હજુ પણ અહી ફલાણી જગ્યાએ ભૂતડાકણ થાય છે ની સાચી લાગતી વાતો આપણે કર્ણોપકર્ણ ફેલાવીએ જ છીએ ને?

કહેવાય છે ને કે સત્ય કરતા ઝૂઠની ગતિ ક્યાય વધુ હોય છે. સત્ય હજુ અમદાવાદથી નીકળ્યું નાં હોય ત્યાં જુઠ તો મુંબઈ સુધીની મંજીલ કાપી નાખે છે. આ અફવાઓનું પણ એવું જ છે. જો કે ઘણી અફવાઓ ફેલાવા પાછળ માનવમનમાં રહેલી બીક કે અસલામતીની ભાવના કામ કરી જાય છે. ભૂકંપ, હુલ્લડ કે અત્યારે ચાલતી ટોળાવાળી અફવાઓનું નોનસ્ટોપ દોડવું એટલા માટે છે કે માનવીને કોઈ જોખમ કે આપત્તિનો અહેસાસ આવે કે એવી ઘટનાઓની બીક લાગે ત્યારે એ વધુને વધુ લોકો ને આ વાત વહેચીને એ વાતનો થોડો સથીયારો લે છે કે હું હવે એકલો નથી, બીજા પણ છે જે કદાચ આપતીમાં મદદ કરશે અથવા કઈ નહિ તો મારી જેમ ડરશે તો ખરા જ. આ બીજાને પણ પોતાની સલામતીની ચિંતામાં કે ડરમાં સામેલ કરવાની માનવ સહજ

રઝળપાટ

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

ક્રિયાને લીધે અફવાઓનો વેગ વધે છે.

ટવીટર વેચાઈ જવાનું છે, સલમાને અસીનને ફ્લેટ લઈ દીધો કે પછી રશિયા ૨૦૧૮નો ફૂટબોલ વર્લ્ડકપ હારી જવાનું છે એવી પહેલી નજરે જ બકવાસ લાગતી અફવાઓ કરતા સ્વાભાવિક રીતે આપણને આપણી આસપાસ બનતી ને આપણને અસર કરતી ઘટનાઓ કે સમાચારો પર વધુ વિશ્વાસ બેસે જ. સ્વાઈન ફ્લુ કે ઈબોલા વાઈરસ આફ્રિકા કે મુંબઈમાં કાળો કેર વર્તાવે ત્યાં સુધી આપણે બહુ વિચલિત નથી થતા પણ હમણાં કોઈ એવા સમાચાર આપે કે મળે કે તમારા ગામમાં સ્વાઈન ફ્લુ કે ઈબોલાને લીધે ૩ મરી ગયા કે કોઈના મુખે એમ સાંભળો કે ફલાણા ભાઈ કે બહેનને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો...બસ આ ખબર આગની જેમ ફેલાઈ જવાની કેમકે એ આપણને અસર કરે છે અને આપણી સાથે જોડાયેલા લોકોને આ ખબર જલ્દીમાં જલ્દી પહોચાડવી જોઈએ એવું આપણો માયલો ચિલ્લાઈ ચિલ્લાઈને કહેવા માંડે છે. બસ ખરેખર એવું છે કે નહિ એ ચકાસણી પછી થાય તો થાય એ પહેલા તો ખબર આગની જેમ ફરી વળવાની...ને સાચી નીકળે તો ઠીક પણ ખોટી નીકળે તો અફવા હતી ભાઈ અફવાનાં નામનું કોરસગાન કરી નાખવાનું...!!!

અત્યારે સોશિયલ મીડિયાનો જમાનો છે અને અફવાઓ વધુ ઝડપે ફેલાય છે એમાં આ માધ્યમનો વાંક કાઢવામાં આવે છે અને અમુક અંશે એ સાચું પણ છે પરંતુ ગણપતી દૂધ પીતા હતા એ સમાચાર વખતે તો ક્યાં વોટ્સઅપ કે ફેસબુક હતું તોય આખા ભારતમાં સમાચાર પહોચી ગયેલા ને? ઓગસ્ટ ૨૦૦૬માં મુંબઈની માહિમ ખાડીનું પાણી મીઠું થઈ ગયાના સમાચાર વાયુવેગે પ્રસરેલા ને લોકો ઉમટી પડેલા. એપ્રિલ ૨૦૧૨માં તામીલનાડુના ધરમપુરી ઈલાકામાં અફવા ફેલાયેલી કે રાત્રે પિશાચ નીકળે છે ને પશુઓ અને માણસોને મારીને લોહી પી જાય છે, કુદરતી એ જ વખતે પશુઓ પણ ટપોટપ મરવા લાગેલા, લોકો ડરી ગયા ને સાંજે ૬ પછી કોઈ બહાર ના નીકળતું, અંતે પોલીસે જાહેર કર્યું કે અસામાજિક તત્વો અને પશુઓની ચોરી કરનારી ગેંગે આવી અફવા ફેલાવેલી...!!! ઉપરના અને આવા અનેક કિસ્સો વખતે સોશિયલ મીડિયા નહોતું છતાયે પુરઝડપે આ અફવાઓ ફેલાયેલી. મતલબ કે બીક કે મુશ્કેલીના સમયમાં મનુષ્યની પોતાની એક આગવી સંચારપદ્ધતિ કામ કરતી હોય છે જેને કહેવાય છે રૂબરૂ કે મોઢામોઢ. કોઈ મેસેન્જર કે ફેસબુક વગર પણ અફવાઓની પતંગ મહત્તમ આકાશમાં ઉડતી થઈ જાય છે.

એવા ખોટા સમાચારો જ અફવા બનવાના કે જેમાં કશુક આઘાતજનક હોય, કશુક રમુજી હોય કે પછી કશુક આશ્ચર્યજનક હોય. સીધી વાત છે ને? જે અફવા સાંભળી કે જોઈને તમારું મો ચિંતા, ડર કે પછી આનંદ કે આઘાતથી ખુલ્લું થઈ જાય એ સમાચાર (અફવા) ની ફેલાવાની ઝડપ વધી જવાની. મોટાભાગે ‘તને ખબર છે? ‘આવા ભાવ અફવાના ફેલાવામાં કારણભૂત હોય છે. ઘણી અફવા તો કોઈ પણ પ્રકારની ચકાસણી વગર જ ફરતી થઈ જાય છે ને ફરતી જ રહે છે. ઘણીવાર તો આપણા જ ગામની કોઈ અફવા આપણા મોબાઈલ પર આવે તો સાલું આપણે જ વિચારવા માંડીએ કે અલ્યા હજુ હમણાં તો હું આ ચોક કે રોડ પરથી આવ્યો ત્યાં તો મેં આવો કોઈ એકસીડન્ટ કે બનાવ જોયો નહિ? રમખાણોના ફેલાવામાં, કુદરતી આપત્તિની બીક લગાડવામાં કે ધાર્મિક સ્થાનોમાં થતી ભાગદોડમાં આવી આંખ વગરની અફવાઓનો મોટો ફાળો હોય છે.અફવાઓના પાપે નાનકડું અમથું છમકલું ક્યારે કોમી હુલ્લડ બની જાય કે નેપાળના ધરતીકંપની બીક છેક કચ્છ સુધી ફરી વળે એ કહેવાય નહિ.

વા વાયા ને નળિયું ખસ્યું...!!! ભલે ને તમે બહારથી એમ કહો કે ના ના આવું કાઈ હોતું હશે પણ અંદરખાને તમને પણ એમ તો થતું જ હોય કે કદાચ આવું હશે તો? અથવા આવું થશે તો? બસ આ ડર, અસલામતી કે અચોક્કસતા જ અફવાઓને વધુ આગળ ફેલાવવામાં ભાગ ભજવે છે. એવું નથી કે બધા અફવાઓ ફેલાવ્યા જ કરતા હોય છે, ઘણા એવા પણ હોય છે કે જે અફવાનું મૂળ શોધવાની કે એની સત્યતા ચકાસવાની કોશિશ કરે જ છે અને મોટાભાગે અફવા ખોટી હતી એમ સાબિત પણ થાય જ છે પણ ત્યાં સુધીમાં તો અફવાનું મિસાઈલ કૈક ઈલાકાઓને ખેદાન મેદાન કરી ચુક્યું હોય છે. મને ખબર છે, હું પહેલો કે સાચું ખોટું ખબર નથી પણ લે તને કહું આવા માનવ સ્વભાવને લીધે તીરથી છૂટી ગયેલી અફવા કેટલુય નિકંદન કાઢી નાખે છે. એવું પણ નથી કે આપણે બધી જ અફવાઓ સાચી માની લઈએ છીએ પણ મોટાભાગે સાચા લાગતા સમાચારોના કન્ટેન્ટવાળી અફવાઓને આપણું મન જલ્દી સ્વીકારે છે. આવું હોય શકે અથવા આવું થઈ શકે એવી કલ્પનાઓ આપણા દિમાગમાં ભરેલી હોય છે એને વેગ આપનાર કે પુષ્ટિ કરનાર અફવાઓ આપણે જલ્દી સ્વીકારી લઈએ છીએ અને એનો વધુ પ્રસાર કરીએ છીએ. અફવાઓને આગળ ફેલાવતા પહેલા શક્ય હોય ત્યાં સુધી વિવેક બુદ્ધિથી વિચારીએ, બને તો આપણા કોઈ સોર્સનો ઉપયોગ કરી આ સાચું છે કે નહિ એની તપાસ કરીએ અને સૌથી ઉત્તમ કે આવી પહેલી નજરે જ ખોટી લાગતી અફવાઓ નાં ફેલાવીએ એ જ સાચી સમાજસેવા ગણાશે..!!!

હવાઁઓસે કહે દો અપની ઔકાત મેં રહે, હમ પરોં સે નહિ, હોંસલોંસે ઉડના જાનતે હૈ

અમિતાભ એટલે અમિતાભ.... ધ એંગ્રી યંગમેન.... ઐશ્વર્યા એટલે ઐશ્વર્યા... She is a symbol of beauty અરે દર્દ ભર્યો કંઠ તો.... માત્ર મુકેશનો જ હોં ! એકશન હીરો તો - જેકીચાન અન બ્રુસલી જ. ક્રિકેટમાં ડોન બ્રેડમેન એટલે ડોન બ્રેડમેન....સચીન એટલે સચીન... જયારે ફુટબોલમાં કિંગ પેલે ખરેખર.... ફૂટબોલ કિંગ જ છે. આમીર ખાન એટલે મી. પરફેક્ટ... સ્ટેજ પપર ચલાવી ન લે. બિલકુલ પરફેક્ટ... બોક્સિંગમાં મોહમ્મદ અલી એટલે મોહમ્મદ અલી. તલબા તો ઝાકીર હુસેનનાં જ... અને શરણાઇ તો બિસ્મિલ્લાહ ખાનની જ... આ ... હા... હા... ગાયકીમાં લતા મંગેશકરની તોલે કોણ આવે? ચિત્રકાર એટલે પાબ્લો પિકાસો જ...

અરે... પેલા પ્રભાકર ભાઇ... તેઓ તો ‘ભુલકણા છે..’ ભુલકણાં !!! તેમને તો સૌ કોઇ ભુલક્કડ જ કહે છે ! તેમનું કયાંક ઠેકાણું નહીં. તેઓ ભુલકણાં તરીકે જ પ્રખ્યાત છે. જયારે પેલાં બેંક ઓફિસર રામભાઇ સમયનાં એટલા બધા ચુસ્ત આગ્રહી છે કે... તેઓ ‘ટાઇમ મેન’ તરીકે જ ઓળખાય છે. તેમનો સમય એટલો બધો પાક્કો છે કે તેઓ જે સમયે જયાંથી પસાર થાય ત્યારે દરરોજ એટલા જ વાગ્યા હોય છે !! મિનિટ તો શું સેકન્ડનો ફેર હોતો નથી. ઘણાં લોકો તો તેમને જોઇને જ કહી દે કે અત્યારે આટલા જ વાગ્યા હશે. ઘડિયાળ જોવાની જરુર નહીં ! કેટલાક તો તેમને જોઇને ઘડિયાળ મેળવી લે છે... હા, જયારે ચન્દ્રેશભાઇ એટલે પરફેક્ટ પર્સન...!! તેમને કોઇ પણ કામ ચિંધો - તમામ કામમાં તેઓ હોશિયાર, કુશાગ્ર અને સ્માર્ટ. He is smart man. અઘરામાં અઘરું કામ તેઓ એવી સ્કીલ અને સ્ટાઇલથી કરશે કે તે તમને કામ થઇ જ રહે. પૂછતાં તેઓ કહેશે This is smart wark. કામ. બદવાનું નથી કામ કરવાની રીતમાં ફેરફાર લાવવો એ મહત્ત્વનું છે. જવાબદારી સ્વીકારી હોય તો તે કામ થવું જ જોઇએ. કોઇ ભણ ભોગે પાછાં ન હટવું, ન હટવું.... ન હટવું !! ભારતીબેન કામગરી વ્યક્તિ, સોસાયટીમાં દરેક જણ તેમણે કામ કરનારી વ્યક્તિ તરીકે ઓળખે. તેમની શાળામાં, સોસાયટીમાં સમાજમાં એવી રીતે ઓળખાય છે કે ‘તમે એમને મળો એટલે તમારું કામ થઇ જશે!’ તેઓ ખૂબ પરફેક્ટ અને ઓકે વુમન છે. અરે, નયનાબેન ? નયનાબેનની વાત જ જવા દો ને - તેઓ તો ‘કકળાટિયાં’ છે. કકળાટિયા, વાત વાતમાં કકળાટ કરે છે. તેમની કોઇ વાતમાં કકળાટ ન થાય તો જ નવાઇ ?! કકળાચિટા વુમન તરીકે તેઓ સોસાયટીમાં પ્રખ્યાત છે ! જયારે ઇલાબેન.... સેવાભવી છે. ઇલાબેન એટલે સેવાબેન જ સમજો ને! તેઓ હંમેશાં કોઇને પણ મદદ કરવા તૈયાર જ હોય છે. તેઓની સેવાની મહેંક ચારેકોર પ્રસરી રહી છે. દિપાલી ‘ડિબેટ ક્વીન’ છે. શબ્દોની જાદુગરણી છે. શબ્દોને જીવતા કરે છે!

અદબ પલાઠી મોં પર આંગળી

- ડૉ. સંતોષ દેવકર

લક્ષ્મી મિત્તલ આયર્ન કિંગ છે. બિલ ગેટ્સ સોફ્ટવેર કિંગ છે. માઇકલ જેક્શન પોપકિંગ છે, રીતુ બેરી ડિઝાઇનર ક્વિન છે, અંજુ જયોર્જ લોંગ જમ્પ, વિશ્વનાથ આનંદ ચેસ કિંગ છે. પૂ. મોરારિબાપુ શ્રેષ્ઠ કથાકાર છે. સ્વ. ઇન્દિરા ગાંધી આર્યન લેડી કહેવાતા, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ વીરાંગના હતી, વગેરે વગેરે...

કેટલીક ખાણી પીણીની લારીઓ પણ પોતાની બ્રાન્ડ ઊભી કરે છે. ચાઇનીઝ તો કે ફ્લાણી લારી પર સારું મળે છે. ભાજુ પાઉં તો ચાર રસ્તાવાળા રામુકાકા સરસ બનાવે છે. ચા પીવી છે તો વડ નીચેની કિટલીની જ પીવાય. ને દાળવડા તો મીઠાખણીના જ. ભલેને પછી લાઇનમાં ઊભું રહેવું પડે. પેંડા તો કે દૂરીરામના જ અમુક જ દરજી પાસે લોકોનો કપડાં સીવડાવવા ધસારો જોવા મળે, અમુક જ મીઠાઇની દુકાને લાંબી લાઇન લાગી હોય, સાડી ખરીદવા અમુક જ દુકાન લોકપ્રિય હોય.

આમ વિવિધ પ્રકારની વસ્તુઓ, જુદા જુદા મહાનુભાવો પર વિવિધ પ્રકારના લેબલ લાગેલા હોય છે. આ બધી આઇ.એસ.આઇ. માર્કો ધરાવતી વ્યક્તિઓ છે. આઇ.એસ.આઇ. માર્કો મેળવવા માટે જેમ... અમુક ક્વોલિટી, સ્ટાન્ડર્ડ, લેબલ, જાળવવી જરુરી છે તેમ અહીં વિવિધ પ્રકારની છાપ ધરાવતી વ્યક્તિઓએ અમુક ગુણવત્તાના ધોરણો જાળવવા પડે છે.

અમુક ઇમેજ કે અમુક પ્રકારના ટાઇટલ મેળવવા માટે આ બધાં મહાનુભાવોએ ઘણો બધો સંઘર્ષ, પુરુષાર્થ, ત્યાગ કર્યા હોય છે. ત્યાર પછી આવડું મોટું શ્રેષ્ઠ - આઇ.એસ.આઇ. જેવું લેબલ - માર્કો મળતો હોય છે. બધા લોકો આ પ્રકારનું ટાઇટલ મેળવી શકતા નથી. કારણ કે એ માટે ઘણા મોટો ભોગ આપવો પડે છે. સમય, આનંદ, મનોરંજન, ઊંઘ, પ્રેમ વગેરેનો ભોગ લેવાતો હોય છે. જે - તે ક્ષેત્રમાં સતત રચ્યાં પચ્યાં રહેવું પડે છે. સખત પુરુષાર્થ, એક જ લગન, એક જ ધ્યેય, કિંગ કે ક્વીન બનવું હોય તો ‘મચી પડવું’ એ જ એક માત્ર રાજમાર્ગ રહે છે.

આગવી છાપ, આગવી ઇમેજ, આગવું વ્યક્તિત્વ ઊભું કરી શકાય છે. બ્યુટી ક્વિન, આર્ટ કિંગ, સ્ટાર ઓફ ધ ઇયર, ટાઇમ મેન, ટ્રેક ક્વીન, ટ્રેજેડી કિંગ વગેરે બની શકાય છે. સમગ્ર શક્તિ, આવડત, મહેનત તેની પાછળ ખર્ચવી પડે. રાત-દિવસ જોયા વગર તેની પાછળ જ કાર્યરત રહેવું પડે. દુનિયાના કોઇ પ્રલોભનો, મોહ-માયા તેમને વિચલિત કરી શકતા નથી. તેઓ લક્ષ્યવેધી હોય છે. તેમનાં લક્ષ્ય, આદર્શ સિવાય તેમને બીજું કશું જ દેખાતું નથી. તેઓ એક સ્પેશિયલ આઇડેન્ટીટી ઊભી કરી જતાં હોય છે. (શીર્ષક પંક્તિ : અજ્ઞાત)

મિસરી

સ્ત્રીને ચાહવા માટે સમજવી જરુરી નથી
પરંતુ
સમજવા માટે ચાહવી અનિવાર્ય છે.

- કાજલ ઓઝા વૈદ્ય

(sms- ભારતીબેન રામભાઇ ત્રિવેદી, મિઠાપુર, દ્વારકા)

માતા તો આ અપંગ બાળકને મોટો કરતાં મૃત્યુ પામી ત્યારે તે પંદર વરસનો હતો, ત્યારથી અપંગ પુત્રની સેવાનો તમામ ભાર પિતા પર આવ્યો છે

માણસના જીવનમાં કયારેક એકાદ એવી ક્ષણ આવે છે. ત્યારે તેના વિવેકની કસોટી થાય છે. જો વ્યક્તિ જાગૃત હોય તો ક્ષણને જીરવી જાય. આવેલા વિચારને તાત્કાલિક અમલમાં ન મુકે. પણ જો એ સંયમિત ન હોય. કે પછી પરિસ્થિતિથી કંટાયેલો હોય. ટેન્શન વધી ગયું હોય ત્યારે તે એવો નિર્ણય લે છે જેના માટે તેને જીવનભર પસ્તાવું પડે છે. નિર્ણય લેવાનો સમય પણ ક્ષણ-બે ક્ષણનો હોય છે. પરંતુ તેનો ઓછાયો કુટુંબ પર તથા ઘણીવાર તો સમાજ પર પણ પડતો હોય છે. એક ભાઇએ તાજેતરમાં કહેલી વાત આ સંદર્ભમાં સમજવા જેવી છે.

આ ભાઇનો પુત્ર પાંત્રીસ વરસથી અપંગ છે. અપંગતા જરા જુદી છે તેના કેડમાં નસો અરસપરસ એવી તો ગુંથાઇ ગઇ છે કે તેના પગ આંટી વાળેલા રહે છે. પોતાના પગ પર ઊભો નથી થતો. હાથનાં આંગળા પણ વળી ગયેલા છે. તે કંઇ પકડી નથી શકતો. માત્ર ચપ્પર બેસવું તથા સત્તા સુવું બે ક્રિયા થાય છે. પણ તે મંદબુદ્ધિ નથી. યાદ રાખી શકે છે. સમજે છે. સંવેદનશીલ છે.

માતા તો આ અપંગ બાળકને મોટો કરતાં મૃત્યુ પામી. ત્યારે તે પંદર વરસનો હતો. ત્યારથી અપંગ પુત્રની સેવાનો તમામ ભાર પિતા પર આવ્યો છે. ભાઇ સવારે વહેલા ઊઠે ને પુત્રને જમાડે... મળમૂત્ર તથા પ્રાથમિક પ્રાત:વિધિ કરાવે, તેને નવરાવવો. સાફ કરવો. કપડાં પહેરાવવા તથા ટીવી સામે બેસાડવો. સાંજે વ્હીલચેરમાં ફરવા લઇ જવો આ તેનો નિત્ય ક્રમ. પુત્ર સેવામાંજ પોતાનું જીવન સમર્પિ દીધું છે ન તો કયાંય જવું. સમાજમાં બેસી આનંદ-પ્રમોદ કરવો કે સારા માઠા પ્રસંગે બહારગામ જવું... તમામ છોડ્યું છે માત્ર પુત્ર સેવા. આ એક જ ધ્યાન - એક જ દિશા ને એક જ કાર્ય. આમ તો સંત જીવન જેવું. આપણે ત્યાંની નર્સો મળમૂત્ર સાફ નથી કરતી. ક્રિશ્ચયન નર્સો જેવો સેવાભાવ પણ નહિ. પરિણામે સાત દાયકા વિતાવી ગયેલા પિતાના માથા પર પુત્રનો ભાર પડ્યો છે. પુત્ર ભલે અપંગ છે પણ મન તેનું અતિ સંવેદનશીલ છે. તેથી બોલવામાં પણ ધ્યાન રાખવું પડે છે.

એક નબળી ક્ષણ

- અનંત ન. વ્યાસ

આ ભાઇ થોડા દિવસ પહેલાં મળેલા. સહજભાવે પુછ્યું કેમ છે દિકરાને? જવાબમાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. મને અમંગળ થયાનો ભાવ આવ્યો. એટલે કહ્યું, વાત તો તો કર શું થયું છે?’

તમને તો ખબર છે થોડા વરસ પર માંદો પડેલો - ત્યારે તેને જીવાડવા મેં કેટલા પ્રયત્નો કરેલા. જયાં સુધી કુદરતી મૃત્યુ ન આવે ત્યાં સુધી આ ભાર મારે વેંઢારવો તેવો નિર્ણય પણ બે દિવસ પહેલાં મને વિચાર આવ્યો. ‘આ છોકરો કેટલું આયુષ લઇને આવ્યો છે.. એ જાય તો હું છૂટું’ બે દાયકાથી આ પુત્ર પાલનનું કાર્ય કરું છું પણ આવો વિચાર કયારેય આવ્યો નથી. પણ મને લાગે છે કે કાળ મારા માથા પર ચડી ગયો છે.

શું થયું... કંઇ એવું ‘મેં અચકાતા મને પ્રશ્ન કર્યો... તમને તો ખબર છે. ઘરની પ્લીપ ઊંચી છે. બે બાજુ બે ઓટલા - લગભગ દસેક ફૂટનો ઢાળ - વ્હીલચેર ચડાવવા સામી બાજુ કમ્પાઉન્ડ વોલ, જમણી બાજુ ચણેલો તુલસીકયારો ને ડાબી બાજુ પાણીનાં ઊભો નળ... આ ઢાળના મથાળા પાસે દરરોસ દીકરાને વ્હીલચેરમાં બેસાડું ને વાતો કરું... ત્યાં ને દિવસ પાછો વિચાર આવ્યો. ‘આ વ્હીલચેરને જરાક જ ધક્કો મારો દઉં તો... ગાડી ગબડે. એ ઉથલી પડે. અથવા તો ગાડી સાથે સામી દિવાલે ભટકાય. બ્રેઇમ ઇન્જરી... ને એ છૂટે ને હું પણ છૂટું.’

બસ આવો વિચાર આવ્યો ને હું ચમક્યો. કયા ભવ માટે આ પાપ.. લોકોને ભલે અકસ્માત લાગે પણ મારું મન.... જયારથી આ વિચાર આવ્યો ત્યારથી ઊંઘ નથી આવતી. ભાઇ ભારે પાપ... ડૂસકાં...

મેં કહ્યુ, જયારે તારા દિલમાં ચીરો પડ્યો. તે ચેર હટાવી ત્યારથી તે કાળ પર જીત મેળવી એ ક્ષણ વીતી ગઇ. તું જાગૃત રહ્યો. ખરેખર ધન્યવાદ... તારી સેવાએ તને બચાવ્યો. હવે શાંત થા. દીકરાને ખ્યાલ ન આવે...

ભાઇ - એ સમજે છે તેણે પણ મને પૂછેલું... આ ગાડી ગબડે તો પપ્પા - તમે છૂટો ને હું પણ છૂટું. મેં કહ્યું ‘ના આપણે વધારે બંધનમાં પડીએ. ભગવાન ઇચ્છે ત્યારે છૂટાય...’

જયાંથી ચેક બાઉન્સ થયો હોય ત્યાં જ કેસ દાખલ કરવા માટે અધ્યાદેશ મંજુર : ૧૮ લાખ કેસોમાં પક્ષકારોને રાહત

સુપ્રીમ કોર્ટના ચુકાદાને કેન્દ્રીય મંત્રીમંડળે અધ્યાદેશ બહાર પાડી રદ કરેલ છે. પહેલા ચેક બાઉન્સ થયા ના કેસો જયાંથી ચેક ઈસ્યુ થયો હોય ત્યાં જ કરવાના સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા લાખો કેસો જે તે હુકમત ધરાવતી કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવતા લાખો લોકોને તથા હજારો કરોડો ટ્રાન્ઝેકશનોને અસર પડેલ જે કેન્દ્રીય મંત્રાલયે અધ્યાદેશ બહાર પાડી ચુકાદો રદ કરેલ છે. અત્યાર સુધી કેન્દ્ર સરકારે આવા ૧૪ અધ્યાદેશ બહાર પાડી સુપ્રીમ કોર્ટના આદેશને રદબાતલ ઠરાવેલ છે. ૧૮ લાખ લોકોની સુવિધાને તથા નઝર રાખી કેન્દ્રે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ અધિનિયમમાં સંશોધન માટે અધ્યાદેશ લાવેલ છે. જયાં ચેક કિલયરીંગ માટે રજુ કરેલ હોય ત્યાં હુકમત ધરાવતી કોર્ટમાં હવે ચેક રીર્ટનના કેસો દાખલ થઈ શકશે. પહેલા જયાંથી ચેક ઈસ્યુ કરવામાં આવતા હતા તે સ્થાનિક હુકમતમાં જ ચેક રીર્ટનના કેસો દાખલ કરવા પડતા હતા.

દેશની વિભિન્ન અદાલતોમાં ૧૮ લાખથી વધારે ચેક રીર્ટનના કેસો પેન્ડીંગ હતા જે હવે મૂળ જગ્યાએ રીર્ટન કરવામાં આવશે. સરકારે આ માટે વિધેયક પસાર કરેલ પરંતુ રાજયસભામાં તે મંજુર થઈ શકેલ નહિ તેથી લોકસભામાં મંજુરી માટે કેન્દ્રીય કેબીનેટે મુકેલ છે. પ્રથમ ભૂમી અધ્યાદેશ ત્રીજી વખત મંજુર કરવા મોકલેલ છે. આ રાષ્ટ્રીય જનતાંત્રીક સંગઠનનો ૧૩ મો અધ્યાદેશ છે.

કોઈપણ વ્યક્તિના વિરૂધ્ધ ચેક બાઉન્સ ના ત્રણ કેસો હોય તો ત્રણેય એક સાથે એક જ જગ્યાએ લાવી શકાશે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ સંશોધન અધિનિયમન લોકસભામાં મે માસમાં મંજુર કરી દીધેલ છે આનો ચુકાદો સુપ્રીમ કોર્ટમાં ૨૦૧૪ માં આવેલ. જે મુજબ ચેક રીર્ટન થતા કેસ જે તે જગ્યાએથી ચેક ઈસ્યુ થયેલ હોય તે બેન્કની હુકમતમાં દાખલ કરવાનો ચુકાદો આપેલ જેનાથી નીચલી અદાલતોમાં પેન્ડીંગ ૧૮ લાખ જેટલા કેસોને અસર પડેલ અને આવા કેસો જે તે જગ્યાએ હુકમત ધરાવતી કોર્ટમાં અદાલતે ટ્રાન્સફર કરેલા હવે ફરીથી સદર કેસો મુળ જગ્યાએ પરત લાવવામાં આવશે જેમાં અદાલતનો વહીવટી સમય પસાર થતા પરિણામે અસીલોને જ સહન કરવું પડશે અને દિલ્હીથી દોલતાબાદ ન્યાય મેળવવા જવું પડશે.

ચાલુ કેસમાં સમાધાન કરવા ઈચ્છતા આરોપીએ મૂળ રકમના ૧૦ ટકા રકમ કોર્ટમાં દંડ તરીકે ભરપાઈ કરેથી જ ચેક રીર્ટનના કેસોમાં સમાધાન થશે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

લોકસભામાં મંજુર થયેલ સંશોધન વિધેયક મુજબ ચેક રીર્ટન ના મામલામાં ફક્ત એ જ અદાલતમાં કેસ થશે જયાં ચેક પ્રાપ્ત કરનારની બેન્કની હુકમતી અદાલતમાં જ કેસ દાખલ કરવો પડશે પછી સદર ચેક ગમે ત્યાંથી ઈસ્યુ કરવામાં આવ્યો હોય.

સંસદ દ્વારા સવાલ પૂછવામાં આવેલ કે શું કંપનીઓ દ્વારા આમ આદમીને પરેશાન કરવા માટે આ કાયદો લાવેલ છે. સુપ્રીમના ચુકાદાથી ચેક પ્રાપ્ત કરનાર કરતા ચેક ઈસ્યુ કરનાર વ્યકિતની રક્ષા કરવામાં આવેલ હવેથી ચેક પ્રાપ્ત કરનારના લાભમાં અધ્યાદેશ મંજુર થતા ઉચીત ન્યાય મળશે અને ચેક ધારકને પોતાના કાયદેસરના લેવાના નાણા વસુલ કરવા માટે બીજા રાજયના ધક્કા ખાવા નહી પડે, સમય અને ધનની બચત થશે અને જલ્દી ન્યાય પ્રાપ્ત થશે તેથી ચેક ઈસ્યુ કર્તાએ હવેથી પુરતા બેલેન્સ સીવાય ચેક આપી કાયદાની આંટીઘુંટી તથા ટેકનિકલ બાબતનો અનુચીત લાભ મળતા બંધ થશે અને મેનાફાઈડ ઈરાદાથી અપાતા ચેકોમાં લગામ આવશે. ચેક રીર્ટનના કેસમાં ચાલુ કેસમાં સમાધાન કરવામાં આવતા ચેક રીર્ટન કરેલ વ્યકિત એટલે કે આરોપીને મૂળ રકમના ૧૦ ટકા રકમ કોર્ટમાં દંડ તરીકે ભરપાઈ કરેથી જ ચેક રીર્ટનના કેસોમાં સમાધાન થશે. જેનાથી દંડાત્મક અને શિક્ષાત્મક કાર્યવાહીના ડરે ચેક રીર્ટન કરાવતા પહેલા ચેક ઈસ્યુ કરનારે સો વખત વિચાર કરવો પડશે જેથી કાયદેસરના લેણા મેળવવા માટે ચેક ધારણ કરતાને નાહકની કાયદાકીય પ્રક્રિયામાંથી રાહત મળશે.

કેન્દ્ર સરકારે ભૂમી અધિગ્રહણ અધ્યાદેશ તથા સદર અધ્યાદેશ લોકસભામાં પસાર કરી આમ આદમીને કાયદાકીય ન્યાઈક હક્ક મેળવવાની પ્રક્રિયામાં સરળતા લાવવાનો પ્રયત્ન કરી ૧૪ મું અધ્યાદેશ બહાર પાડેલ છે. હવેથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૪ એ અન્વયે દાખલ થતા કેસોમાં સરળતા આવશે અને વ્યાપારીઓને બહાર ગામના વેપારીના ચેકો લેવામાં મુશ્કેલી પડશે નહી તેમજ જે વેપારીઓ ચેકથી વ્યવહારો કરતા હતા તે ફરીથી શરૂ થતા બજારમાં તેજી પણ આવશે અત્યારસુધી અમદાવાદનો વેપારી દિલ્હી, મુંબઈ, ચેન્નાઈના વેપારીના ચેકો લેવાનો સ્પષ્ટ ઈન્કાર કરતા હતા હવેથી આ અધ્યાદેશથી કાયદામાં વિશ્વાસ પુન: સ્થાપિત થતા સુપ્રીમ કોર્ટમાં ૨૦૧૪ ના વિવાદીત ચુકાદો રદ થતા વેપારીક વ્યવહારો પુન: શરૂ થશે.